Seat No. : _______________

# FA-39

**March-2007**

**Gujarati (Main)**

**Paper-2**

**(૧) બટુભાઈનાં આદર્શ એકાંકી – સં.સતીશ વ્યાસ**

**(૨) ચંદ્રકાન્ત બક્ષીની શ્રેષ્ઠ વાર્તાઓ – સં. ચંદ્રકાન્ત બક્ષી**

**Time : 3 Hours] [Max. Marks : 70**

**સૂચના :** **બધા** પ્રશ્નોના ગુણ સરખા છે.

૧. બટુભાઈ ઉમરવાડિયાનાં જીવનની રૂપરેખા આપી તેમનાં સમગ્ર સાહિત્યસર્જનનો વિગતે પરિચય આપો. (૧૪)

**અથવા**

"બટુભાઈનું સૌથી કીર્તિદા પ્રદાન નાટ્યક્ષેત્રે છે." – બટુભાઈના આદર્શ એકાંકીના આધારે આ વિધાનની સમીક્ષા કરો.

૨. 'બટુભાઈનાં આદર્શ એકાંકી'ને ધ્યાનમાં રાખી, બટુભાઈની એકાંકીકાર તરીકેની સિદ્ધિ-મર્યાદા જણાવો. (૧૪)

**અથવા**

ટૂંકનોંધ લખો (ગમે તે **બે**)

(૧) બટુભાઈનાં એકાંકીઓનાં શીર્ષકોનું ઔચિત્ય.

(૨) બટુભાઈનાં એકાંકીઓનાં સ્ત્રીપાત્રો.

(૩) હંસા અને નરેશનું દામ્પત્યજીવન.

(૪) 'મનનાં ભૂત'માંથી પ્રગટ થતી અંધશ્રધ્ધા.

૩. ચંદ્રકાન્ત બક્ષીનાં સમગ્ર સાહિત્ય સર્જનની રૂપરેખા આપો. (૧૪)

**અથવા**

ચંદ્રકાન્ત બક્ષીએ નવલિકાક્ષેત્રે કરેલાં નવીન પ્રયોગો વિશે સવિસ્તર નોંધ લખો.

૪. ‘ચંદ્રકાન્ત બક્ષીની શ્રેષ્ઠ વાર્તાઓ’ને આધારે ચંદ્રકાન્ત બક્ષીની વાર્તાકાર તરીકેની લાક્ષણિકતાઓ વિગતે જણાવો. **(૧૪)**

**અથવા**

ટૂંકનોંધ લખો (ગમે તે **બે**)

(૧) ચંદ્રકાન્ત બક્ષીની વાર્તાઓમાં નગરજીવન.

(૨) ‘ક્રમશ:’ વાર્તામાં વ્યક્ત થતી વાર્તાનાયકની સંવેદના.

(૩) ‘આમાર બાડી, તોમાર બાડી, નોકશાલ બાડી..... ’ વાર્તામાં રજૂ થયેલ ક્રાન્તિવીરની જિંદગીની ઝલક.

(૪) ‘દોમાનિકો’ માં બક્ષીની નિરૂપણરીતિ.

૫. (અ) પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો. (ગમે તે **બે**) **(૧૪)**

(૧) ‘જીવનગુરુ, મેં આજે જ જાણ્યું કે, હૃદય જીતવા માટે સત્તા કે સૌંદર્ય બસ નથી.’

(૨) ‘મૈત્રીનો એ ગુણ છે કે મિત્રને સુભાગ્ય કહેવાથી આનંદ વધે છે ને દુર્ભાગ્ય કહેવાથી દુ:ખ ઓછું થાય છે.’

(૩) ‘હા’સ્તો, સ્ત્રી અને સંગીત બેઉની કોમળતા તમે કેમ સમજી શકો ?’

(૪) ‘પતિ-પત્ની એકમેક પાસે બહુ આશા ન રાખે ને દરેક એકબીજાને જે આપે તેમાં સંતોષ માને તો જિંદગી ખૂબ સુખી થાય.’

(બ) પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો. (ગમે તે **બે**)

(૧) ‘નિયતિ નામની એક વસ્તુ બધાને કામ પકડીને જિવાડી નાખતી હોય છે.’

(૨) ‘બેબી, તું કાનથી સાંભળે છે ને ? હું આંખોથી સાંભળું છું.’

(૩) ‘હા, મહાન પ્રેમીઓ થવા માટે મરી જવું પડે, જીવતા રહી ગયેલા માણસને મહાન પ્રેમી ન કહેવાય.’

(૪) ‘ – અન્યાય એ સૃષ્ટિનું સૌથી મોટું રહસ્ય છે.’

---